સાંધ્ય દૈનિક
# સૂર્યકાલ
SURYAKAL DAILY


આદ્ય તંત્રી - જગદીશ દવે

RNI NO : 65752/97, REGD.NO.GAMC 1227/2015-2017, Valid upto Dec./2015-2017, Daily, Posted at Ahmedabad RMS/2

સ્થાપક તંત્રી - જગદીશ દવે, તંત્રી-અજય દવે ★ સંવત ૨૦૭૪ શકે ૧૯૩૯ ★ માગશર વદ-૧૧ ★ Vol.21, Issue-237, Page-8, Suryakal Daily, Wednesday, Dt.13,December, 2017, Price (Rs.) 00.70

Printed, Published and Owned by DAVE AJAY JAGDISHKUMAR, Published from 910, Hemkoot Building, Near Nehru Bridge, Ashram Road, AHMEDABAD – 380 009.

Ph./Fax : 079-26585880-81 Mo. 98253 12121, E-mail: suryakal@yahoo.com, suryakaljay@gmail.com , www.suryakal.com

# બીજા ચરણના મતદાન માટે તૈયારીઓ પૂર્ણ : મતદારો ઉત્સુક

## ૯૩ બેઠકો માટે ૮૫૧ ઉમેદવારો મેદાને : લોખંડી બંદોબસ્ત વચ્ચે યોજાશે મતદાન : ૨.૨૨ કરોડ મતદારો કરશે મતાધિકારનો ઉપયોગ : તમામ ઉમેદવારોએ લગાવ્યું છેલ્લી ઘડીનું જોર

અમદાવાદ, બુધવાર તા. ૧૩

ગુજરાત વિધાનસભામાં બીજા અને અંતિમ તબક્કાનુ મતદાન આવતીકાલે થવા જઈ રહ્યુ છે. અત્યંત મહત્વપૂર્ણ એવા આ તબક્કામાં ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો માટે મતદાન થશે. જેના માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન યોજાવાનુ છે. આ ૯૩ બેઠકો માટે કુલ ૮૫૧ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૭૮૨ પુરુષ અને ૮૯ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. મતદાન માટે કુલ ૨૫૫૫૮ બુથ તૈયાર કરવામાં આવ્યા છે. જ્યારે ૨,૨૨,૯૬,૮૬૭ મતદાતાઓ આવતીકાલે મતદાન કરશે. જેમાં ૧,૧૫,૪૭,૪૩૫ પુરુષ મતદાતાઓ અને ૧,૦૭,૪૮,૯૭૭ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ મતદાન માટે ૧૧ હજારથી વધુ પોલીંગ અધિકારીઓ સહિત ૪૪,૦૦૦ કર્મચારીઓ ફરજ બજાવશે. જ્યારે ૧ લાખથી વધુ સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવશે. જેમાં પોલીસ, એસઆરપી, હોમગાર્ડ, બીએસએફ, સીઆરપીએફ સહિતના જવાનોનો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં જે જિલ્લાઓમાં મતદાન થવાનુ છે તેમાં અમદાવાદ, બનાસકાંઠા,

અનુસંધાન પાન નં. ૭ ઉપર



આવતીકાલે બીજા તબક્કાની ૯૩ બેઠકો માટે મતદાર યોજાનાર છે ત્યારે આજે સરકારી કર્મચારીઓ મતદાન અંગેની તૈયારીઓ કરતાં ઉપરોક્ત તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે.

## શહેરની ૧૬ સીટ પર તમામની નજર

અમદાવાદ, બુધવાર તા. ૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કામાં આવતીકાલે મતદાન યોજનાર છે. જેને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. તમામની નજર અમદાવાદ શહેરની ૧૬ સીટો અને વડોદરા શહેરની પાંચ સીટો પર કેન્દ્રિત થઈ ગઈ છે. વર્ષ ૨૦૧૨ની તુલનામાં આ વખતે ભાજપ સામે અનેક પડકારો છે. જેમા ંપાટીદાર આંદોલન અને જુદાજુદા સમુદાયની નારાજગીની બાબતનો સમાવેશ થાય છે. આ તમામ બાબતો અમદાવાદ અને વદોડરા શહેરમાં અસર કરશે કે કેમ તે બાબત તમામ માટે ઉપયોગી રહેનાર છે. વર્ષ ૨૦૧૨ના પરિણામની વાત કરવામાં આવે તો ભાજપે અમદાવાદ શહેરની ૧૬ પૈકી ૧૪ પર જીત મેળવી હતી. જેમાં ઘાટલોડિયા, જમાલપુર-ખાડિયા, વેજલપુર, વટવા, એલિસબ્રિજ, નારાણપુરા, નિકોલ, નરોડા, ઠક્કરબાપા નગર, બાપુરનગર, અમરાઈવાડી, મણિનગર,

અનુસંધાન પાન નં. ૭ ઉપર

**ચાર સીટ પર મુસ્લિમ મતદારોની નિર્ણાયક ભૂમિકા**




